ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

# વડોદરા-છોટાઉદેપુર



## સંક્ષિપ્ત સમાચાર

### શિનોર તાલુકાના સાધલી ગામે મનન વિદ્યાલયમાં વાર્ષિક કાર્યક્રમ કિલબિલાટ-26 યોજાયો




**શિનોર :** વડોદરા જિલ્લાના શિનોર તાલુકાના સાધલી ગામે આવેલ મનન વિદ્યાલયમાં વાર્ષિક કાર્યક્રમ "કિલબિલાટ-2026" ભવ્ય રીતે યોજાયો હતો. કાર્યક્રમને લઈને સમગ્ર upશાળા પરિવારમાં ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શ્રી પ્રકાશ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત મનન વિદ્યાલય દ્વારા આયોજિત આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ વિદ્યાર્થીઓમાં રહેલી પ્રતિભાને ઉજાગર કરી તેમના આત્મવિશ્વાસમાં વધારો કરવાનો રહ્યો હતો. કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓએ નૃત્ય, સંગીત તેમજ વિવિધ સાંસ્કૃતિક કાર્યક્રમોની આકર્ષક રજૂઆત કરી હતી, જેને દર્શકો તરફથી ભારે પ્રશંસા મળી હતી. ઉપસ્થિત વાલીઓ અને મહાનુભાવોએ વિદ્યાર્થીઓને બિરદાવ્યા હતા. આ પ્રસંગે આચાર્ય અમીષાબેન પંડ્યા તથા એમ.ડી. યશ પંડ્યાની ઉપસ્થિતિએ કાર્યક્રમને વિશેષ ગૌરવ અપાવ્યું હતું.

### નાગરિકોની સુરક્ષા માટે હીટવેવ પ્લાનથી લઈ ચોમાસા સુધીનું આગોતરું આયોજન



**છોટાઉદેપુર :** પ્રવર્તમાન ઋતુમાં હીટવેવ અને આગામી ચોમાસું ૨૦૨૬ દરમ્યાન પુર,વાવાઝોડું, અતિવૃષ્ટિ જેવી સંભવિત કુદરતી આપત્તીઓ સામે પૂર્વ તૈયારી અને આયોજનના ભાગરૂપે જિલ્લા કલેક્ટર ગાર્ગી જૈનના અધ્યક્ષસ્થાને જિલ્લા સેવા સદનના સંકલન ખંડ ખાતે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડિસ્ટ્રિક્ટ પ્રોજેક્ટ ઓફિસર (ડીઝાસ્ટર) ધ્રુપેન્દ્રભાઈએ પીપીટી (PPT) ના માધ્યમથી જિલ્લાની સર્વાંગી સજ્જતા અંગે વિગતવાર માહિતી આપી હતી. હીટવેવ એક્શન પ્લાનમાં વધતા તાપમાનને ધ્યાને રાખી નાગરિકોને લૂ અને ગરમીથી બચાવવા માટે આરોગ્યલક્ષી સુવિધાઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. સાથે ચોમાસા પૂર્વેની તૈયારીઓમાં સંભવિત પૂર કે અતિવૃષ્ટિના સમયે નીચાણવાળા વિસ્તારોમાંથી નાગરિકોનું સ્થળાંતર, આશ્રયસ્થાનોની સુવિધા, અને ખોરાક-દવાના પૂરતા જથ્થાની ઉપલબ્ધતા કરવા, આકસ્મિક સ્થિતિને પહોંચી વળવા બચાવ સાધનો, ઈમરજન્સી વાહનો, ફાયર સેફ્ટીના સાધનો અને ૨૪*૭ કાર્યરત કંટ્રોલ રૂમની સજ્જતા અંગે સમીક્ષા કરવામાં આવી હતી.

### ગુડી પડવાના પાવન દિવસે પાદરાના ઝંડા બજારમાં પરંપરાગત ધજારોહણ



**પાદરા :** પાદરા નગરના ઐતિહાસિક અને પરંપરાગત મહત્વ ધરાવતા ઝંડા બજાર ખાતે ગુડી પડવાના શુભદિને પરંપરાગત રીતે ધજારોહણ કાર્યક્રમ યોજાયો હતો. પાદરા નગરના ઉદ્ભવ સાથે સંકળાયેલા આ સ્થાન પર દર વર્ષે ચૈત્ર સુદ પડવા નિમિત્તે ધજા બદલવાની વર્ષો જૂની પરંપરા નિભાવવામાં આવે છે. આ વર્ષે પણ વિજય મુહૂર્તમાં ધાર્મિક વિધિ અને જયઘોષ વચ્ચે ધજારોહણ કરવામાં આવ્યું હતું. પ્રાપ્ત માહિતી અનુસાર વિશ્વ હિંદુ પરિષદ દ્વારા પાદરાના ઝંડા બજાર ખાતે આ પરંપરાગત ધજારોહણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. ઐતિહાસિક માન્યતા પ્રમાણે પાદરા નગરની સ્થાપના આ જ સ્થળેથી થઈ હોવાનું માનવામાં આવે છે. વર્ષો અગાઉ દલા પાદરિયા નામના વ્યક્તિ દ્વારા આ સ્થળે પ્રથમ ધજા ફરકાવવામાં આવી હતી અને ત્યાંથી પાદરા નગરના અસ્તિત્વનો પ્રારંભ થયો હતો. તેથી ઝંડા બજાર પાદરાના ઉદભવ સ્થાન તરીકે ઓળખાય છે અને આ સ્થાનને સ્થાનિક સ્તરે વિશેષ આસ્થા અને ગૌરવ સાથે જોવામાં આવે છે.

### ચૈત્રી નવરાત્રીના પ્રારંભે પાદરાના સુપ્રસિદ્ધ રણુ તુલજાભવાની માતાજીના મંદિરે ભક્તોની ભીડ



**પાદરા :** ચૈત્રી નવરાત્રીના પાવન પ્રારંભ સાથે જ પાદરા તાલુકાના સુપ્રસિદ્ધ રણુ તુલજાભવાની માતાજીના મંદિરે ભક્તિમય માહોલ વચ્ચે મોટી સંખ્યામાં ભાવિક ભક્તો દર્શનાર્થે ઉમટી પડ્યા હતા. ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે વહેલી સવારથી જ માતાજીના દર્શન માટે ભક્તોની અવરજવર શરૂ થઈ જતા સમગ્ર મંદિર પરિસર જય માતાજીના જયઘોષથી ગૂંજી ઉઠ્યું હતું. ચૈત્રી નવરાત્રીના પ્રારંભ નિમિત્તે પાદરા તાલુકા સહિત આસપાસના વિસ્તારોના વિવિધ માતાજીના મંદિરોમાં ધાર્મિક કાર્યક્રમો, પૂજા-અર્ચના, અનુષ્ઠાન અને વિશેષ આરાધનાની શરૂઆત કરવામાં આવી હતી. માતાજી પ્રત્યે અખૂટ શ્રદ્ધા ધરાવતા ભક્તોએ વહેલી સવારે મંદિરે પહોંચી માતાજીના દર્શન કરી આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. નવરાત્રીના આરંભ સાથે જ મંદિર પરિસરમાં ભક્તિ, શ્રદ્ધા અને આધ્યાત્મિક ઉર્જાનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. પાદરા તાલુકાના સુપ્રસિદ્ધ અને આસ્થાના કેન્દ્ર સમાન રણુ તુલજાભવાની માતાજીના મંદિરે પણ ચૈત્રી નવરાત્રી નિમિત્તે વિશેષ તૈયારીઓ કરવામાં આવી હતી. વહેલી સવારથી જ મંદિરના દ્વાર ભક્તજનો માટે ખુલ્લા મુકવામાં આવ્યા હતા.

### પાદરામાં સૌનો સાથ, સૌનો વિકાસ - આપણું પાદરા, સ્વચ્છ પાદરાના સંદેશ સાથે વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત

**પાદરા :** પાદરા નગરપાલિકા દ્વારા સરકારની વિવિધ વિકાસલક્ષી યોજનાઓ અંતર્ગત પાદરા નગરમાં હાથ ધરાનાર તેમજ પૂર્ણ થયેલ વિકાસ કાર્યોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ સમારોહનું આયોજન કરવામાં આવ્યંત છે. આ કાર્યક્રમ તા. ૨૦/૦૩/૨૦૨૬, શુક્રવારના રોજ સાંજે ૫:૩૦ કલાકે ડિસ્કવરી સ્કૂલ, જાસપુર રોડ, પાદરા ખાતે યોજાનાર છે. આ પ્રસંગે ચૈતન્યસિંહ પી. ઝાલાના વરદ હસ્તે વિવિધ વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવશે. વહીવટદાર ઐશ્વર્યા દુબે (IAS), પાદરા નગરપાલિકાના ચીફ ઓફિસર સંજય પી. પટેલ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. કાર્યક્રમમાં પાદરા નગરના માર્ગ, ગટર, એસ.ટી.પી., સોલાર સુવિધા, સ્ટ્રીટલાઈટ તેમજ મુક્તિધામ વિકાસ જેવા અનેક જનહિતના કાર્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખાતમુહૂર્ત હેઠળ જાસપુર ચાર રસ્તાથી મુક્તિધામ સુધી રોડ ડેવલોપમેન્ટનું કામ, રામેશ્વર તળાવ પર પાથવે અને સ્ટોન પિચિંગનું કામ, પાદરા નગરના વિવિધ વિસ્તારોમાં ગટરની મેઈન લાઈન નાખવાનું કામ, સારેજા STP પર સોલાર સુવિધા, સયાજી સર્કલથી ફાટક સુધી રોડ બનાવવાનું કામ તેમજ પાદરા સારેજા મુકામે નવીન STP અને પમ્પિંગ સ્ટેશન બનાવવાનું કામનો સમાવેશ થાય છે.

---

બોડેલી - કવાંટ રોડ પર આવેલા મોડાસરથી રંગલી ચોકડી રસ્તાની બિસ્માર હાલત

## વડાતલાવની આસપાસના વિસ્તારના ગ્રામજનોનો ચક્કાજામ, રોષ વ્યક્ત કર્યો

**બિસ્માર રસ્તા** બાબતે વડાતલાવ ચોકડી પર રામધૂન બોલાવી તંત્ર પર રોષ ઠાલવી વિરોધ પ્રદર્શન કર્યું

(પ્રતિનિધિ) બોડેલી, તા.19

બોડેલી કવાંટ રોડ પર આવેલા વડાતલાવ ગામ નજીકના રસ્તાની બિસ્માર હાલતથી કંટાળલા આસપાસના વિસ્તારોના ગ્રામજનોએ આ રસ્તા બાબતે ઓગષ્ટ મહિનામાં મગનપુરા ગામે કરેલા ચક્કાજામ બાદ ફરી એકવાર વડાતલાવ ચોકડી પર ચકકાજામ કરી ફરી પોતાનો રોષ ઠાલવ્યો હતો. બિસ્માર રસ્તાના કારણે વિરોધના કારણે મુખ્ય માર્ગ પર બે કી.મી. જેટલો લાંબો ટ્રાફિક જામ સર્જાયો હતો રોડની અત્યંત ખરાબ અને બિસ્માર હાલતથી લોકોએ ફરી એકવાર ચક્કાજામ સર્જ્યો હતો.

વાંટા, વડાતલાવ, તાડકાછલા, ગૈડીયા, ખડકલા સહિતના આજુબાજુ વિસ્તારના લોકો મોટી સંખ્યામાં વડાતલાવ ચોકડી રસ્તા પર ઉતરી આવી. ચક્કાજામ કરતા ચક્કાજામના કારણે મુખ્ય માર્ગ પર ટ્રાફિકની બે કી.મી સુધીની બંને તરફ વાહનોની લાંબી કતારો લાગી હતી અને ટ્રાફિક જામ સર્જાયો હતો



ટ્રાફિકજામની બિસ્માર રસ્તાની ઉગ્ર વિરોધની જાણ થતાં જ બોડેલી પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. પોલીસ દ્વારા સમજાવટથી મામલો થાળે પડતાં ગ્રામજનોને સમજાવીને ચક્કાજામ હળવો કરાવીને વાહનવ્યવહાર પૂર્વવત કરવાની કાર્યવાહી હાથ ધરી હતી.

ઉલ્લેખનીય છે કે તંત્ર દ્વારા રૂ.૫૬ કરોડનું ટેન્ડર મંજૂર થયેલ છે. આ વિસ્તારના સાંસદ અને ધારાસભ્યોને પણ અનેક રજૂઆતો કરવામાં આવી હતી. આર એન્ડ બીના કાર્યપાલક ઈજનેર કે અધિકારીઓ ફોન ઉપાડતા નથી જેથી આ વિસ્તારના લોકો લાંબા સમયથી ખરાબ રસ્તા, ઉડતી ધૂળ અને મસમોટા ખાડાઓથી પરેશાન છે રસ્તા પરના મોટા પથ્થરો અને ઉંડા ખાડાઓના કારણે વાહનોને ટાયરોને પંચર પડવા સાથે વાહનોને પણ ભારે નુકસાન થવાના બનાવો બની રહ્યા છે.

---

રૂ. 66 હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો

## ચોરીના ગુનાનો ભેદ ઉકેલતી પાદરા પોલીસ, બે આરોપી ઝડપી પાડ્યા

(પ્રતિનિધિ) પાદરા, તા.19

પાદરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં નોંધાયેલા ચોરીના ગુનાનો ભેદ ઉકેલી પોલીસે બે આરોપીઓને ઝડપી પાડી કુલ રૂ. ૬૬ હજારનો મુદ્દામાલ કબ્જે કર્યો છે. પાદરા પોલીસની સતર્ક કામગીરી અને સીસીટીવી ફૂટેજના આધારે હાથ ધરાયેલી તપાસ દરમિયાન ગુનામાં સંડોવાયેલા બંને શખ્સોને મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં સફળતા મળી હતી. આ અંગે પાદરા પોલીસ સ્ટેશનના પી.આઈ વિજય ચરણના માર્ગદર્શન હેઠળ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી મુજબ પાદરા પોલીસ સ્ટેશન ખાતે નોંધાયેલા ચોરીના ગુનાની તપાસ દરમિયાન ગુનાસ્થળ તથા આસપાસના




વિસ્તારમાં લાગેલા સીસીટીવી કેમેરાના ફૂટેજ ચકાસવામાં આવ્યા હતા. જેમાં એક શંકાસ્પદ એક્ટિવા પર બે અજાણ્યા ઈસમો ફરી રહ્યા હોવાનું સામે આવ્યું હતું. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે એક્ટિવાનો નંબર, આરોપીઓના કપડાં તેમજ તેમની હલચાલ અંગે સઘન તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન હ્યુમન સોર્સિસ તેમજ ટેકનિકલ બાતમીના આધારે શંકાસ્પદ એક્ટિવા હોવાનું જાણવા મળ્યું હતું.

---

### ચાંદોદ રેલવે કોલોનીમાં પરિણીતાનો આપઘાત, સાસરિયા પર આક્ષેપ

ડભોઈ : ડભોઈ તાલુકાના પવિત્ર તીર્થધામ ચાંદોદ ખાતે આવેલી રેલવે કોલોનીમાં રહેતી કોમલ નામની પરિણીતાએ ગળેફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યાની હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. ઘટનાની જાણ થતાં જ સમગ્ર વિસ્તારમાં શોકની લાગણી છવાઈ ગઈ છે.

પ્રાથમિક માહિતી મુજબ, કોમલબેનના લગ્નને માત્ર ત્રણ વર્ષ જેટલો સમય થયો હતો. આટલા ટૂંકા ગાળામાં જ આવા ગંભીર પગલાં લીધા હોવાને કારણે સ્થાનિકોમાં ચકચાર મચી છે. મૃતકના પિતાએ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે તેમની દીકરીને સાસરીયામાં ઘરકંકાસ તેમજ શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો, જેના કારણે તેણી આ પગલું ભરવા મજબૂર બની.

---

દસ વર્ષથી માર્ગ સુધારણા નહીં, ગ્રામજનોમાં રોષ

## કાળીડોળી-કોસીન્દ્રા માર્ગ બિસમાર હાલતમાં, વાહનચાલકો પરેશાન

**ત્રણ કિમી** રસ્તા પર ખાડા અને ઉખડેલી કપચીથી અકસ્માતનો ખતરો વધ્યો

(પ્રતિનિધિ) નસવાડી, તા.19

નસવાડી તાલુકાના કાળીડોળીથી કોસીન્દ્રા તરફ જતો માર્ગ છેલ્લા ઘણા સમયથી બિસ્માર હાલતમાં હોવાથી વાહનચાલકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે. આશરે ત્રણ કિલોમીટર લાંબા આ માર્ગ પર ખાડાઓ અને ઉખડેલી કપચી-મેટલના કારણે રોજિંદી અવરજવરમાં જોખમ ઉભું થયું છે.

સ્થાનિકોના જણાવ્યા મુજબ, રસ્તાની હાલત એટલી ખરાબ છે કે વાહનના ટાયરમાં કપચી



વાગતાં ટાયર પંક્ચર થવાની ઘટના સામાન્ય બની ગઈ છે. ખાડામાં વાહન પટકાતાં ચાલકો સ્ટીયરિંગ પરનો કાબુ ગુમાવી બેસે છે, જેના કારણે અકસ્માત અને ઈજાના બનાવો પણ બન્યા છે.

આ માર્ગ લગભગ 10 જેટલા ગામોને જોડે છે, છતાં છેલ્લા 10 વર્ષથી કોઈ સુધારણા કામગીરી કરવામાં આવી નથી. ગ્રામજનો દ્વારા પંચાયત માર્ગ અને મકાન વિભાગની નસવાડી કચેરીમાં અનેકવાર રજૂઆત કરવામાં આવી છતા કામ ન કરેલ.

---

વીજ વાયરો બદલવા MGVCL દ્વારા પૂર્વ જાણ વગર લાઇન બંધ, લોકો મુશ્કેલીમાં

## નસવાડી તાલુકામાં અચાનક વીજ પુરવઠો બંધ, ગામોમાં પાણી બંધ અને ખેડૂતોમાં હાહાકાર

**ખેતી માટેની** વીજલાઇન બંધ થતાં સિંચાઈ અટકી, ઊભો પાક સુકાવાની ભીતિ

(પ્રતિનિધિ) નસવાડી, તા.19

નસવાડી તાલુકાના પાંચ જેટલા ગામો તેમજ સિરાફીદર વિસ્તારની ખેતી માટેની વીજલાઈન અચાનક બંધ કરી દેવાતા ગામડાઓમાં હાલાકીભરી સ્થિતિ ઊભી થઈ છે. મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા કોઈપણ પૂર્વ જાણ કર્યા વગર વીજ વાયરો બદલવાના કામ માટે વીજ પુરવઠો બંધ



કરાતા લોકોમાં રોષ ફેલાયો છે.

ભગવાનપુરા, વેલાડી, ચૂનાખાણ, વાઘીયા અને સિંધીકુવા સહિતના ગામોમાં જ્યોતિગ્રામ યોજના હેઠળ મળતો 24 કલાકનો વીજ પુરવઠો અચાનક ખોરવાતા પીવાના પાણીની ગંભીર સમસ્યા ઊભી થઈ હતી. વીજ પુરવઠો બંધ રહેતા પાણીની મોટર બંધ થતાં લોકોને ત્રાહિમામ પોકારવી પડી હતી.

સાથે જ સિરાફીદર વિસ્તારમાં ખેતી માટેની વીજલાઈન બંધ થતાં ખેડૂતો મુશ્કેલીમાં મુકાયા છે. સિંચાઈ માટે વીજ પુરવઠો ન મળતા ખેતરોમાં ઊભો પાક સુકાઈ જવાની ભીતિ ઊભી થઈ છે. ખેડૂતો આખો દિવસ વીજ પુરવઠાની રાહ જોઈને બેઠા રહ્યા હતા.

સ્થાનિક લોકો અને ખેડૂતોનો આક્ષેપ છે કે વીજ પુરવઠો બંધ કરતા પહેલા કંપની દ્વારા કોઈ સૂચના આપવામાં આવી નહોતી, જ્યારે નિયમ મુજબ પૂર્વ જાણ કરવી આવશ્યક છે. આ ઘટનાને લઈને લોકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.

---

બેદરકારીભર્યા ડ્રાઇવિંગથી અથડામણ, બે લોકો ઇજાગ્રસ્ત

## જેતપુરપાવી નજીક સ્વીફ્ટ-ટેમ્પા વચ્ચે ગંભીર અકસ્માત

**જાનહાની** ટળી, પોલીસ દ્વારા ટ્રાફિક વ્યવસ્થા પુન:સ્થાપિત

(પ્રતિનિધિ) જેતપુરપાવી, તા.19

જેતપુરપાવી નજીક હાઈવે માર્ગ પર સ્વીફ્ટ કાર અને આઈસર ટેમ્પા વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો, જેના કારણે થોડા સમય માટે ટ્રાફિક જામની સ્થિતિ ઊભી થઈ હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાની નોંધાઈ નથી, પરંતુ બંને વાહનોને ભારે નુકસાન થયું છે.

પ્રાપ્ત વિગતો મુજબ, બોડેલીથી જેતપુરપાવી તરફ આવી રહેલી સ્વીફ્ટ કારના ચાલકે બેદરકારીપૂર્વક



ડ્રાઈવિંગ કરતાં વાહન સીધું જ આઈસર ટેમ્પા સાથે અથડાયું હતું. અથડામણ એટલી જોરદાર હતી કે બંને વાહનોને મોટા પ્રમાણમાં નુકસાન થયું હતું.

આ અકસ્માતમાં સ્વીફ્ટ કારના ચાલક તથા સાથે સવાર એક વ્યક્તિને ઈજા પહોંચી હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે જેતપુરપાવી સામુહિક આરોગ્ય કેન્દ્ર ખાતે ખસેડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ જેતપુરપાવી પોલીસ સ્થળ પર પહોંચી ગઈ હતી અને ટ્રાફિક નિયંત્રણ સાથે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## પાદરા નગર નાગરિક સહકારી બેન્કની ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ

**૧૫ બેઠકો** માટે અત્યાર સુધીમાં ૩૦ ઉમેદવારી ફોર્મનું વિતરણ

(પ્રતિનિધિ) પાદરા, તા.19

આગામી તા. ૧૨ એપ્રિલ, ૨૦૨૬ના રોજ યોજાનારી ધી પાદરા નગર નાગરિક સહકારી બેન્કની વ્યવસ્થાપક મંડળની ચૂંટણીને લઈ ચૂંટણી પ્રક્રિયાનો પ્રારંભ કરવામાં આવ્યો છે. ચૂંટણી માટે ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા શરૂ થતાં રાજકીય અને બેન્કિંગ વર્તુળોમાં ચહલપહલ જોવા મળી રહી છે. બેન્કના વ્યવસ્થાપક મંડળની કુલ ૧૫ બેઠકો માટે અત્યાર સુધીમાં ૩૦ ઉમેદવારી ફોર્મનું વિતરણ થયું



હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર આગામી તા. ૧૨ એપ્રિલના રોજ પાદરાની ઝેન સ્કૂલ ખાતે આ ચૂંટણી યોજાનાર છે. જેને લઈને ચૂંટણી અધિકારીઓ દ્વારા નિયમિત કાર્યક્રમ અનુસાર કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઉમેદવારી નોંધાવવાની પ્રક્રિયા માટે તા. ૧૯ અને ૨૦ માર્ચની મુદત નક્કી કરવામાં આવી છે, જેના ભાગરૂપે આજથી ઉમેદવારી પત્રો ભરવાની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી.

ગુરુવારના રોજ બેન્કની ચૂંટણી લડવા ઈચ્છુક કેટલાક યુવા ઉમેદવારોએ પાદરા નગર નાગરિક સહકારી બેન્ક ખાતે પહોંચી પોતાની ઉમેદવારી નોંધાવી હતી. યુવા ઉમેદવારોના આગમનથી ચૂંટણીને લઈ ઉત્સુકતા અને ગરમાવો વધુ તેજ બન્યો હોવાનું જોવા મળ્યું હતું. હવે તા. ૨૦ માર્ચ ઉમેદવારી નોંધાવવાની અંતિમ તારીખ હોવાથી અન્ય સંભવિત ઉમેદવારો પણ અંતિમ દિવસે ઉમેદવારી નોંધાવે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

---


## કુંડિયા નજીક હેરણ નદી પર બે નવા બ્રિજનું કામ શરૂ

**ફોર લેન** પ્રોજેક્ટથી મુસાફરીનો સમય ઘટશે, ટ્રાફિક સમસ્યાનો આવશે અંત

(પ્રતિનિધિ) નસવાડી, તા.19

નસવાડી-બોડેલી માર્ગ પર કુંડિયા ગામ નજીક હેરણ નદી પર નેશનલ હાઈવે 56 વિભાગ દ્વારા બે નવા બ્રિજોના નિર્માણ કાર્યનો પ્રારંભ કરવામાં આવ્યો છે. રોડ પહોળો કરવાની કામગીરીના ભાગરૂપે શરૂ થયેલા આ પ્રોજેક્ટ પર 10 કરોડથી વધુનો ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

હાલમાં ઉપયોગમાં લેવાતો બ્રિજ નવા બે બ્રિજ તૈયાર થયા બાદ બંધ કરી દેવામાં આવશે. આ કામ નસવાડી તાલુકાના ધામસિયા થી જબુગામ સુધીના આશરે 900 કરોડના ફોર લેન હાઈવે પ્રોજેક્ટનો



મહત્વપૂર્ણ ભાગ છે. લાંબા સમયથી ટ્રાફિકની સમસ્યાનો સામનો કરતા વાહનચાલકો માટે આ બ્રિજ રાહતરૂપ સાબિત થશે. હેરણ નદી પર 50 વર્ષ બાદ નવા બ્રિજનું નિર્માણ શરૂ થતાં વિસ્તારમાં વિકાસને વેગ મળશે. આ માર્ગ પર રોજ હજારો વાહનોની અવરજવર થાય છે, જેમાં રેતી ભરેલા ટ્રક સહિતના ભારે વાહનોનો સમાવેશ થાય છે.

નવા બ્રિજ તૈયાર થતાં નસવાડીથી બોડેલી વચ્ચેનું અંતર 40-45 મિનિટમાંથી ઘટીને અંદાજે 20-25 મિનિટમાં પૂર્ણ થઈ શકશે. આથી સમય અને ઇંધણ બંનેની બચત થશે.

---

છોટાઉદેપુરના પૂર્વ પટ્ટી વિસ્તારના લોકોને સીધો લાભ મળશે

## છોટાઉદેપુરથી સેલવાસ રૂટ પર નવી બસનું લોકાર્પણ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ દ્વારા કરાયું

**રીબીન** કાપી, શ્રીફળ વધેરી અને બસ ને ઝંડી બતાવી

(પ્રતિનિધિ) છોટાઉદેપુર, તા.19

છોટાઉદેપુર થી સેલવાસ ચલાવવામાં આવતી જૂની અને જર્જરિત બસને બદલે નવી ટેક્નોલોજીથી સજ્જ આધુનિક બસનું લોકાર્પણ છોટાઉદેપુર ના ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવા દ્વારા આજરોજ છોટાઉદેપુર એસટી ડેપો ખાતે કરવામાં આવ્યુ હતુ.

છોટાઉદેપુરથી સેલવાસ રૂટ પર આ નવી બસ વધુ આરામદાયક અને સુરક્ષિત મુસાફરી પૂરી પાડશે તેમ ધારાસભ્ય રાજેન્દ્રસિંહ




એ જણાવ્યું હતું. આ પ્રસંગે ધારાસભ્ય રાજેન્દ્રસિંહ રાઠવાએ રીબીન કાપી, શ્રીફળ વધેરી અને બસ ને ઝંડી બતાવી રવાના કરી હતી. કાર્યક્રમમાં સ્થાનિક આગેવાનો અને એસ.ટી. વિભાગના કર્મચારીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ નવી બસ સેવા શરૂ થવાથી ખાસ કરીને છોટાઉદેપુરના પૂર્વ પટ્ટી વિસ્તારના લોકોને સીધો લાભ મળશે અને તેમની મુસાફરી વધુ સરળ બનશે. ત્યારે ધારાસભ્ય દ્વારા નવી બસ ફાળવવા બદલ રાજ્યના મુખ્યમંત્રી તેમજ વાહન વ્યવહાર મંત્રીનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

---

### કવાંટથી છોટાઉદેપુર જવા માટે નીકળેલી વ્યક્તિ ગુમ

(પ્રતિનિધિ) કવાંટ, તા. 19



પ્રાપ્ય માહિતી મુજબ કવાંટ બસ ડેપો પાસે પાસે પારસી ફળિયામાં રહેતા નૂર મહંમદ ગુલામહમત શેખ ઉંમર વર્ષ 55 તેઓ તારીખ 17/3/2026ના રોજ બપોરના આશરે 12 વાગ્યે છોટાઉદેપુર જાઉં છું તેમ તેમની પત્ની રજા બેનને કહીને ઘરેથી નીકળેલ હતા પરંતુ તેઓ સાંજે ઘરે પરત આવેલ નહીં જેથી તેમની પત્ની અને પરિવારના બધા સભ્યો દ્વારા તેઓને ફોન કરતા તેઓનો સંપર્ક થયો ન હતો જેથી સગા સંબંધીઓને પણ પૂછપરછ કરતા તેઓનો સંપર્ક થવા પામ્યો નથી જેથી તેમની પત્ની રજા બેન દ્વારા કવાટ પોલીસ સ્ટેશનમાં નુર મહંમદ ગુલામ મહંમદ શેખ ગુમ થયા ની અરજી કવાંટ પોલીસ સ્ટેશનને કરવામાં આવેલ છે.